Extra No. 398

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, NOVEMBER 10, 2025 / KARTIKA 19, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/VVIP/નો ફલાય ઝોન/૩૨૨૪/૨૦૨૫, તા.૦૮/૧૧/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૩૩૭૪ થી ૧૩૪૦૮ /૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ માન.વડાપ્રધાનશ્રી દેડીયાપાડા ખાતે રોડ શો, જાહેરસભા અને દેવમોગરા મંદિર ખાતે દર્શનના સંભવિત કાર્યક્રમમાં પધારનાર છે. માન. વડાપ્રધાનશ્રી "Z+ SPG PROTECTEE" સ્કેલ સિક્યુરીટી ધરાવે છે. જેથી માન. વડાપ્રધાનશ્રીના સદરહુ કાર્યક્રમ અનુસંધાને તેઓશ્રીની સુરક્ષાને ધ્યાને લઈ દેડીયાપાડા ટાઉન, દેડીયાપાડા હેલીપેડ, દેવમોગરા મંદિર અને દેવમોગરા હેલીપેડ વિસ્તારને તા.૧૨/૧૧/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી તા.૧૫/૧૧/૨૦૨૫ ના ૧૬:૦૦ કલાક સુધી 'NO FLY ZONE' અને 'NO DRONE ZONE' જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી. કે. ઉધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ દેડીયાપાડા તાલુકાના દેડીયાપાડા ટાઉન અને દેડીયાપાડા હેલીપેડ વિસ્તારને તથા સાગબારા તાલુકાના દેવમોગરા મંદિર અને દેવમોગરા હેલીપેડ વિસ્તારને 'NO FLY ZONE' અને 'NO DRONE ZONE' જાહેર કરી, સદરહુ વિસ્તારમાં જમીનથી આકાશ તરફ ઉડાવવામાં આવતા ચાઇનીઝ તુક્કલ, ફુગ્ગા, પતંગ, વાવટા, ડ્રોન, સિન્થેટીક પ્લાસ્ટિક ઉડાડવાની/ ફરકાવવાની મનાઈ ફરમાવું છું.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૧૨/૧૧/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી તા.૧૫/૧૧/૨૦૨૫ ના ૧૬:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૦૮-૧૧-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

// **વંચાણે લીધું** //

(૧) ઈ.ચા. અધિક્ષકશ્રી, રાજપીપળા જિલ્લા જેલના પત્ર જા.નં. એસ.જે/૭૬૫/૨૦૨૫, તા.૦૫/૧૧/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

// **જાહેરનામું** //

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૩૪૩૦ થી ૧૩૪૬૪/૨૦૨૫ ઈ.ચા. અધિક્ષકશ્રી, રાજપીપળા જિલ્લા જેલ દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ રાજપીપળા જિલ્લા જેલની શિસ્ત અને સલામતિ જળવાઈ રહે તે હેતુસર જેલ પ્રિમાઈસીસ(સંકુલ)માં મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂરસંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે નહીં પ્રવેશવા તથા તેનો ઉપયોગ નહીં કરવા અંગે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતનગર ગામ ખાતે આવેલ રાજપીપળા જિલ્લા જેલના પ્રિમાઈસીસ(સંકુલ)માં કોઈપણ વ્યક્તિને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂરસંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે પ્રવેશવા તથા તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા.૨૯/૦૬/૨૦૨૬ સુધી કરવાની રહેશે.

// **અપવાદ** //

કોઈપણ રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમિયાન આ હુકમ લાગુ પડશે નહીં.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિક્ષકશ્રી, રાજપીપળા જિલ્લા જેલ તેમજ નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીરા અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૯મી નવેમ્બર, ૨૦૨૫

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

// **વંચાણે લીધું** //

(૧) Sub Divisional Engineer (CFA), BSNL, Dediapada's Letter No. G1/SDE/DDPD/GOVT-CORR/2025-26/1, Dated.09/11/2025

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૩૪૬૫ થી ૧૩૪૯૯ /૨૦૨૫.-આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ જનજાતિય ગૌરવ દિવસ અન્વયે માન. વડાપ્રધાનશ્રી દેડીયાપાડા ખાતે રોડ શો, જાહેરસભા અને દેવમોગરા મંદિર ખાતે દર્શનના કાર્યક્રમમાં પધારનાર છે.

Sub Divisional Engineer (CFA), BSNL, Dediapada દ્વારા વંચાણ-(૧) ના પત્રથી સદરહું કાર્યક્રમ દરમ્યાન બી.એસ.એન.એલ. દ્વારા પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે તા. ૧૦/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી બી.એસ.એન.એલ. કેબલ લાઈનોના રૂટ પર ખોદકામ(Digging) પ્રવૃત્તિ ન કરવા સંબંધિતોને જરૂરી સૂચનાઓ બહાર પાડવા વિનંતી કરવામાં આવેલ છે. જેથી ઉક્ત કાર્યક્રમ દરમિયાન બી.એસ.એન.એલ. દ્વારા પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે બી.એસ.એન.એલ. કેબલ લાઈનોના અત્રેના જિલ્લામાં આવતા રૂટ પર ખોદકામ(Digging) કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ જનજાતિય ગૌરવ દિવસ અન્વયે માન. વડાપ્રધાનશ્રી દેડીયાપાડાની મુલાકાત દરમિયાન યોજાનાર કાર્યક્રમોમાં બી.એસ.એન.એલ.ના ઓપ્ટિકલ ફાઈબર કેબલ લાઈનોથી પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે તા.૧૦/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી બી.એસ.એન.એલ.ના ઓપ્ટિકલ ફાઈબર કેબલ લાઈનોના અત્રેના જિલ્લામાં આવતા રૂટ પર ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા. ૧૦/૧૧/૨૦૨૫ થી તા. ૧૫/૧૧/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૦૯-૧૧-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:22:16 IST